# કાશ્મીર : સતત ગૂંચવાતું જતું કોકડું

કાશ્મીરનો ઊકળતો ચરુ ભારત માટે સતત સાત દાયકાથી શિરોવેદના બની રહ્યો છે. ભારત કાશ્મીરને પોતાના અભિન્ન અંગ તરીકે સ્વીકારે છે. પાકિસ્તાન એની મુસ્લિમ બહુમતીના મુદ્દે કાશ્મીર પર પોતાનો દાવો છોડવા તૈયાર નથી. અડધું કાશ્મીર તો કબાઈલી હુમલાના છદ્મવેશમાં પાકિસ્તાની લશ્કરે પહેલાંથી જ પચાવી પાડેલું છે. પાક અધિકૃત કાશ્મીરને તેઓ આઝાદ કાશ્મીર જેવું રૂપકડું નામ આપે છે અને ભારત હસ્તકના કાશ્મીરની કહેવાતી 'આઝાદી' માટે એક દિવસની પણ રજા પાડ્યા વિના ઝઝૂમતા રહે છે. ભારત-પાકિસ્તાન વચ્ચે સેન્ડવિચ થયેલી કાશ્મીરી પ્રજા, જે બેઉ દેશોમાં અડધી-પડધી વહેંચાઈને રમવાના વાંકે જીવી રહી છે એને આ ઉપખંડની આઝાદી કરતાં અંગ્રેજોનું શાસન કે તત્કાલીન હિંદુ રાજા હરિસિંહનું શાસન તંત્ર દેખીતી રીતે વધુ સારું લાગતું હશે. સતત રાજકીય ચડસાચડસી, આતંકવાદી હુમલા અને પોલીસતંત્ર તથા આર્મીના સકંજા વચ્ચે જીવતી પ્રજા માટે જિંદગી જીખતું દોજખ જ બની રહે એમાં શંકાને સ્થાન ખરું ? પ્રજાનો એક ભાગ પાકિસ્તાન તરફી નારા લગાડતો રહે છે તો વળી કેટલાક કાશ્મીરને અલગ દેશ તરીકે માન્યતા અપાવવાના પ્રયાસો કરતા રહે છે. અલગતાવાદીઓ લાખ કોશિશો પછી પણ ભારત સાથે સમાધાનની ફોર્મ્યુલા પર આવતા સહમત નથી. ૩૭૦મી કલમ દ્વારા કાશ્મીરનું ભારત સાથેનું જોડાણ કાશ્મીરને અનેક મુદ્દા સ્વાયત્તતા બક્ષે છે. પરંતુ એથી પ્રજા તો દેશથી વિખૂટી જ પડી ગઈ છે. પાક શાસકો માટે કાશ્મીર એ એમની જીવાદોરી છે. એ મુદ્દો જીવંત રાખીને તેઓ પાકિસ્તાનની પ્રજાને ભારતની વિરુદ્ધ ભડકાવતા રહે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાને ભારત દ્વારા થયેલ અન્યાયની દુહાઈ દેતા રહે છે. આમાં કોઈ પણ રાજકીય પક્ષ કે નેતા

**તંત્રીસ્થાનેથી...**

બાકાત નથી. પાકિસ્તાનમાં ભારતની તરફેણમાં બોલવું તે ગુનો ગણાવા લાગ્યો છે. નવાઝ શરીફ જેવા પ્રમાણમાં શરીફ ગણાતા નેતાએ પણ બાયપાસ સર્જરીમાંથી બેઠા થયા પછી સૌ પ્રથમ કાશ્મીર રાગ જ આલાપવાનું પસંદ કર્યું છે. પોતે એ દિવસનો બેસબ્રીપૂર્વક ઈંતેજાર કરી રહ્યા છે. જયારે કાશ્મીર પાકિસ્તાન બની જશે! એથી હાફિઝ સઈદ જેવા આતંકીઓના આકાઓને ભારતના કબજા હેઠળના કાશ્મીરમાં વસતા ઈસ્લામના અનુયાયીઓ માટે આંસુ સારવાની અને જેહાદ જગાડવાની હાકલ કરવાની તક મળી રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો નવાઝ શરીફ સાથેનો દોસ્તીનો દાવ ધરાર નિષ્ફળ ગયો છે. છેલ્લે કાશ્મીરમાં જે આગ ફાટી જે આગ નીકળી છે એ મુદ્દે મોદી મૌન છે. એમણે ગૃહમંત્રી રાજનાથસિંહને કાશ્મીર પ્રશ્ન હલ કરવાની જવાબદારી સોંપી છે. રાજનાથ સારું ભાષણ તો કહી જાણે છે એ પણ એથી રમણે ચડેલા માથા ફરેલ કાશ્મીરી જેહાદીઓને થોડા નાથી શકાશે? બુરહાન વાણીનું એન્કાઉન્ટર આર્મીને અને સરવાળે ભારત સરકારને ભારે પડી ગયું છે. મહેબૂબા મુફ્તી સર્વપક્ષીય મિટિંગ બોલાવે છે એનો અબ્દુલ્લાની નેશનલ કોન્ફરન્સે બહિષ્કાર કરીને પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. સત્તામાં ભાગીદારી ન કરી હોત તો મોદીએ અત્યાર લગી જરુર કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાદી દીધું હોત. અગાઉ હતી એ કરતાં કાશ્મીરની પરિસ્થિતિ અનેક ગણી વણસી જવા પામી છે. દુનિયાની જમાદારી કરતું અમેરિકા પણ આ મુદ્દે ભારતને ગુનેગારના કઠેડામાં ઊભું કરે તો નવાઈ ન લાગવી જોઈએ. પાકિસ્તાન પાસે કાશ્મીરમાં લોકમત લેવાનો જબરદસ્ત મુદ્દો હાથવગો છે. ભારત કાશ્મીર ઘાટીમાં લોકમત લેવાનું સાહસ કરી શકે એમ નથી. કાશ્મીરમાં ભારતની તરફદારી કરનારાઓની સલામતી નથી, એ જ શું સૂચક નથી ?

# ગુજરાતની બદલાતી રાજનીતિ અને સમાજનીતિ : ૨૦૧૭ ની ચૂંટણી સંદર્ભે

ગુજરાતમાં હાલ બરાબર રાજકીય માહોલ ગરમ બની રહ્યો છે. એક તરફ ચોમાસું ધીમે ધીમે જામતું જાય છે. તો બીજી તરફ દર અઠવાડિયે નવા નવા મુદ્દાઓ અખબારોમાં રાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કરીને કોઇ ને કોઇ સમસ્યાને પ્રસ્તુત કરી રહ્યા છે. ગુજરાતમાં વર્ષ – ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે મોદી સાહેબની લોકપ્રિયતાને કારણે છેલ્લા પંદરેક વર્ષથી કોંગ્રેસનું ગુજરાતમાં અને હવે ભારતભરમાં ધોવાણ થઇ રહ્યું છે અથવા કહો કે કોંગ્રેસ પાસે ગુજરાતમાં હવે કોઇ એવો કરિશ્માઇ નેતા નથી કે જેનો પ્રભાવ આખા ગુજરાતના મતદારો ઉપર પડી શકે. વળી અગાઉના પચાસેક વર્ષના શાસનને કારણે પણ એને સહન કરવાનો અને આત્મચિંતન કરવાનો વખત આવી ગયો છે. ગુજરાતમાં જ્યારથી મોદી સરકાર બની ત્યારથી અને ખાસ તો ગોધરાકાંડથી તેમની લોકપ્રિયતાનો ગ્રાફ સડસડાટ શીખરે પહોંચી ગયેલો જે આજે ૧૪ વર્ષેય અકબંધ છે. એ જ ગ્રાફે એમને છેક દિલ્હીની ગાદી સુધી પહોંચાડી દીધા છે.

મોદીજી દિલ્હી ગયાને બે વર્ષ વિતી ગયા છે. ગુજરાતમાં તેમની જગ્યાએ શ્રીમતી આનંદીબહેન પટેલ સત્તા પર આવ્યા. "તેઓ ખુબ ઉત્તમ કામગીરી કરી રહ્યા છે. ગુજરાતનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. યુવાનો, મહિલાઓ, વંચિતોનો વિકાસ, રોજગારી ક્ષેત્રે કે ઉદ્યોગ ક્ષેત્રે કે અન્ય કોઇપણ ક્ષેત્રે સૌનો વિકાસ – વિકાસ ને વિકાસ થઇ રહ્યો છે." આવું બધું તેમની આસપાસ ગોઠવાયેલા લોકો એમને કહી રહ્યા હશે. પણ ખરેખર સત્ય બીજું જ કંઇક હોય. જે એમનાથી છૂપાવવામાં આવી રહ્યું હોય એવું પણ બની શકે છે.

વ્યક્તિગત લોકપ્રિયતા, કામગીરી, અનુશાસન અને વ્યવસ્થાના સંદર્ભે છેલ્લા બે વર્ષથી ગુજરાતની રાજકીય અને સામાજિક સ્થિતિ બદલાઇ રહી છે. જેમાં મોદીજીની ખોટ અવશ્ય વર્તાય છે. જેનો લાભ આગામી – ૨૦૧૭ની ચૂંટણીઓમાં અન્ય પક્ષો જરૂર લઇ શકે છે. અને આપણે પણ જાણીએ છીએ કે હાલ કોઇ પણ પક્ષ પાસે ગુજરાતમાં મોદીજી જેવો કરિશ્માઇ ચહેરો કે વ્યક્તિત્વ નહીં હોવા છતાંય સૌ કોઇ રાજનીતિને ગરમાવી રહ્યા છે. નાના નાના મુદ્દાઓ બનાવીને, નવી નવી ઘટનાઓનું કુનેહપૂર્વક સર્જન કરીને રાષ્ટ્રીય સ્તર સુધી લઇ જવામાં સફળ રહ્યા છે.

એક પ્રજાના ભાગરૂપે કે સામાન્ય મતદાર તરીકે કે સમાજના વિવિધ પ્રકારના લોકોના માનસનો અભ્યાસ કર્યા બાદ કે વિદ્યાર્થીઓ, શિક્ષકો કર્મચારીઓ કે વેપારીઓના માનસ જાણ્યા બાદ કે મારી અંગત સમજ મુજબ કહું તો હાલ ગુજરાતમાં ત્રીજા પક્ષનો વિકલ્પ ખુલ્લો પડેલો છે. જો કોઇ કરિશ્માઇ નેતા કે વ્યક્તિ આગેવાની લે અને માત્ર ને માત્ર "જનકલ્યાણ" નો મુદ્દો બનાવી સકારાત્મક રીતે લોકો સમક્ષ આવે તો જરૂર સારા પરિણામો મળી શકે એમ છે. કારણ કે ભાજપા સરકાર બે શક સારા કાર્યો કરી રહી છે પણ ઘણી એવી રોજિંદી બાબતો છે જેનાથી લાખો કરોડો લોકો નારાજ છે નોકરીની ભરતીમાં થતા ભ્રષ્ટાચારો, ફિક્સપગાર, મોંઘવારી. જમીન કૌભાંડો, શિક્ષણ વ્યવસ્થા ને શિક્ષકોની કામગીરી, પોલીસ અને હોમગાર્ડના પ્રશ્નો, આ બધાની પ્રજાના માનસ પર નેગેટિવ અસર થઇ રહી છે. જેની અસર આ વખતે ૨૦૧૭માં જોવા મળશે. કોંગ્રેસ આળસ મરડીને – થાક ખંખેરીને બેઠો થઇ રહ્યો છે. બન્ને બાપુઓએ પૂર્ણ શ્રદ્ધાથી અને આત્મવિશ્વાસથી મહેનત પણ શરુ કરી દીધી છે. તો વળી દિલ્હીના કરિશ્માઇ નેતા શ્રી કેજરીવાલ પણ મફલર વિંટાળીને ગુજરાતમાં પોતાનો ડંકો વગાડવા આવી પહોંચ્યા છે. ચોથી તરફ પાટીદારોની સંગઠનશક્તિ પણ આ વખતની ચૂંટણીના પરિણામો બદલશે એ નક્કી છે. સૌથી મોટો પ્રશ્ન છે કે શીખર પર બેઠેલાને તળના લોકો (પ્રજા) દેખાતા નથી તેથી બીજા કહે તે સાચું માનીને તેમણે તળના લોકો સાથે વ્યવહાર કરવો પડે છે. જે ક્યારેક (મોટેભાગે) નુકશાનકારક સિદ્ધ થાય છે. ભાજપાની સ્થિતિ આવી છે.તળ અને શીખર વચ્ચેની જે જે કડીઓ – સાંકળ છે. તેમાં સંશોધન સંપાદન કરવાની જરૂર છે. એવું પણ વિદ્વાન લોકો ચર્ચી રહ્યા છે. કેમ કે ફરીથી શીખર પર પહોંચવા તળના જ લોકો કામ આવવાના છે નહી કે કડીઓ. અને ગાંધીનગરમાં "હાજીહા – જીહા જીહા – જી જી જી" કરીને પૂંછડી પટપટાવવાવાળા અસંખ્ય ગલુડિયાઓ છે. પણ હવે હાજીહા સાંભળવાનો – માનવાનો આ સમય નથી. હાજીહા થોડો સમય સુખ આપી શકે છે પણ કાયમી શાંતિ છીનવી લે છે. હવે તો જે કડવું – સત્ય કહી શકે એવી નિષ્ઠાવાન વ્યક્તિઓને સાથે રાખીને કામ કરવાનો સમય છે. કેમ કે હવે પ્રજા પણ બધુ સમજતી થઇ છે.

આમ જોઇએ તો હાલ કોંગ્રેસ પાસે હુકમનો કોઇ એક્કો નથી. પણ બે બાદશાહ છે જે આખી બાઝી પલટાવવા તૈયાર છે. પણ તેમની પાસે પ્રજાનો વિશ્વાસ સંપાદન કરી શકે એવા એક વ્યક્તિત્વનો અભાવ છે. પણ આના વિકલ્પે તેઓએ એક જાહેરાત કરવી જોઇએ કે "સો નવા યુવા નેતાઓ જોઇએ છે" અને ગુજરાતભરમાંથી સો સાવ નવા નિષ્ઠાવાન, નિષ્કલંક અને ઓછામા ઓછા ગ્રેજ્યુએટ યુવાનો પસંદ કરીને એમને કોઇ એક શાંત જગ્યાએ ત્રણ મહિનાની સખત રાજકીય તાલીમ આપી મેદાનમાં ઉતારવામાં આવે તો ધાર્યું પરિણામ મેળવી શકાય છે એ ત્રણ મહિનાની તાલીમ અને પછીની કામગીરી માટે આખો વ્યૂહ ઘડવો પડે અને વર્ષો જુના ખખડી ગયેલા માત્ર જે નામના જ માથા છે એમને પણ દૂર કરવા જોઇએ. વળી નેતાઓની વ્યક્તિગત સ્થાનિક ઈમેજ કે ઈજ્જત આખા પક્ષની ઈમેજ કે ઈજ્જત બગાડી કે સુધારી શકે છે. આવું બધુ જોયા વિના માત્ર પૈસાના જોરે થતી હોદ્દાની વહેંચણી પણ ઘાતક નીવડે છે.




ગુજરાતમાં ત્રીજા પક્ષ તરીકે "આપ" પ્રવેશી ચૂક્યું છે. શ્રી કેજરીવાલ દિલ્હીમાં ખુબ લોકપ્રિય છે. આમ જનતા માટે એમણે ત્યા વીજળી અને પાણી મફતના ભાવમાં કરી દીધા છે. જો કે તેમની આ લોકપ્રિયતા ગુજરાતમાં અસરકારક બનશે કે કેમ ? એ પ્રશ્ન છે. એ માટે તો એમણે પણ અહીં ગુજરાતમાં સ્થાનિક એવો કોઇ સક્ષમ નેતા કે વ્યક્તિ જોઇએ જેના અવાજ માત્રથી લાખો લોકો ભેગા થઇ જાય. અથવા પ્રજા એ વ્યક્તિ પર પૂર્ણ વિશ્વાસ મૂકી શકે. ભાજપા કે કોંગ્રેસમાં પોતાનો સ્વાર્થ ના સધાયો એટલે "આપ"માં જોડાઇને નેતા બની જવા સૌ કોઇ આવશે તો આપનું પણ અગાઉ થયું હતું તેવું જ થશે.

ફરીથી મારી અંગત સમજ મુજબ કહું તો ગુજરાતમાં ત્રીજી શક્તિના રૂપમાં – પ્રજામાં લોકપ્રિય અધિકારીના રૂપમાં, એક કરિશ્માઇ વ્યક્તિ ઉપસી આવી હતી – પૂર્વ આઇ.પી.એસ શ્રી ડી.જી.વણઝારા. નિષ્ઠાવાન અધિકારી જેલમાંથી છૂટ્યા બાદ જે રીતે અનેક શહેરોમાં થતું તેમનું સ્વાગત જોઇને પ્રજા – મીડિયા અને પોતાના ભાવિને ઉજ્જવળ બનાવવા ઇચ્છતા સ્વપ્રિલ યુવા વર્ગ એમની તરફ મીટ માંડીને જોતા હતા કે હવે ૨૦૧૭માં કંઇક નવું થશે. પણ આ તો રાજનીતિ છે. ક્યારે કોનો કંઇ રીતે ભોગ લેવાય છે એ કોઇ નથી જાણતું હોતું.

આમ જોઇએ તો ત્રીજી શક્તિ તરીકે ગુજરાતમાં ઉભરવાનો આ યોગ્ય સમય છે. પરંતુ હાલ ૨૦૧૭ને ધ્યાનમાં રાખીને નેગેટિવ રાજનીતિ શરું થઇ ગઇ છે. સતા મેળવવા શામ, દામ, દંડ અને ભેદની નીતિને ય ભૂલાવી દે એવી નીતિઓ અપનાવાઇ રહી છે. અને આ બધાનો ભોગ બને છે પ્રજા – આપણે ગુજરાતની કે ભારતની પ્રજાનો એક સૌથી મોટો પ્રશ્ન હોય તો એ છે એની સંવેદનશીલતાનો, એના ક્રોધનો. કોઇપણ વાતમાં તરત ઉશ્કેરાઇ જવું અને આક્રોશને જ્વાળામુખીમાં પ્રગટ કરવો. રાજનીતિ કરવાવાળા આ જ ઇચ્છે છે. એ પછી ધર્મનો મુદ્દો હોય કે જાતિનો મુદ્દો હોય કે જ્ઞાતિનો મુદ્દો હોય – રાજનીતિ રમવાવાળાઓ એ તો માત્ર એક નાની એવી ચિનગારી જ ચાંપવાની હોય છે. અને પછી આગ તો આપમેળે પ્રગટી ઊઠે છે એ તેઓ જાણે છે. ગુજરાતમાં માંડ હિન્દુ – મુસ્લિમ મુદ્દાનું પૂર્ણવિરામ આવ્યું છે. ત્યા હવે અંદરો અંદરની જ્ઞાતિ – જાતિની રાજનીતિ ખેલાઇ રહી છે. કોઇપણ જાતિને કોઇપણ જાતિ ઉપર અત્યાચાર કરવાનો અધિકાર નથી જ. કોઇએ ગુહનો કર્યો છે તો એને સજા આપવા કૉર્ટ અને કાયદાઓ છે. પરંતુ અહીયા પોલીસસ્ટેશન સામે, પોતાનું કાર્ય કરતા યુવાનોને બાંધીને મારવા એ કેટલે અંશે યોગ્ય છે ? ગાય એ ભારતમાં વસતા પ્રત્યેક માનવીની માતા છે કેમ કે બધા એનું દુધ પીવે છે. પણ આ ચિનગારી તો નથી ને? જે ઘટના ઘટવાની હતી તે ઘટી ગઇ બધાએ જાણી લીધું કે ગાય જીવતી નહી પણ મૃત હતી. અને આરોપીઓ પણ પકડાઇ ગયા છે. અને સહભાગી પોલીસોને બરતરફ કરી દેવામાં આવ્યા છે. પણ હવે જે રાજનીતિ ખેલાઇ રહી છે તે હજારો લાખો પરિવારોને અસર કરશે.

આજે ગુજરાતી સમાજની દશા અને દિશા બદલાઇ રહી છે. એક તરફ બ્રાહ્મણો વિશે અભદ્ર ટિપ્પણી કરનાર મહિલા નેતા સામે સંગઠિત થઇને ઠેર ઠેર આક્રોશ ફેલાઇ રહ્યો છે, બીજી તરફ પાટિદારો સંગઠિત છે. ત્રીજી તરફ જૈનોનું સંગઠન છે. એક તરફ વંચિતોની એકતા છે. – આપણે સૌ એ ભૂલી જઇએ છીએ કે સૌ પ્રથમ આપણે ભારતીય – હિન્દુસ્તાની છીએ. માત્ર પાંચ પચ્ચીસ માણસોથી આખી જ્ઞાતિ – જાતિ – સમાજ કે પક્ષ બદનામ થાય છે જે રાજનીતિ - પ્રેરિત હોય છે. અત્યાચારનો વિરોધ ચોક્કસ હોવો જોઇએ. પણ એ માત્ર દોષિને સજા થાય ત્યા સુધી. એની અસર આખા સમાજ ઉપર કે રાષ્ટ્ર ઉપર કે રાષ્ટ્રની સંપતિ ઉપર ના થવી જોઇએ. આવી ઘટનાઓથી ગુજરાતની જાહેર ઇજ્જત આખા દેશ કે વિદેશોમાં પણ ખરડાય છે.


આજે દરેક પક્ષો જાણે છે કે વર્ષ – ૨૦૧૭ આવી રહ્યું છે. તેથી અવનવી ઘટનાઓ દ્વારા યેનકેન પ્રકારેણ પ્રજાને અસર કરતા સંવેદનશીલ મુદ્દાઓ લાવશે અને મીડિયામાં ચમકાવશે. પ્રજામત આવી રીતે જ ઘડાતો હોય છે. નહિતર ઉનાની ઘટના ઉના સુધી, ગોધરાની ઘટના ગોધરા સુધી, બાબરીની ઘટના બાબરી સુધી કે કાશ્મીરની ઘટના કાશ્મીર સુધી સીમિત રાખી એની કાર્યવાહી કરવામાં આવે તો દેશના મોટાભાગના અશાંતિના પ્રશ્નો હલ થઇ જાય અને પ્રજા શાંતિથી રહી શકે.

આ દોઢ વર્ષ પ્રજાએ જાગતા રહેવું પડશે. હવે દરેક નેતાઓ, પક્ષો, મોટી હસ્તીઓ નિવેદનો કરશે. જાહેરમાં આવશે ઉત્તમ કક્ષાના ભાષણો કરશે. પ્રજાનું જીવન બદલી નાખવાના દાવાઓ કરશે. પરિવર્તન ને વિકાસની વાતો કરશે પણ કોનું? એમનું કે પ્રજાનું ? એવો પ્રશ્ન થવો જોઇએ.

અમેરિકાની ચૂંટણીઓમાં હવે નારી શક્તિનો ઉદય થઇ રહ્યો છે. ત્યારે ગુજરાતમાં નારી શક્તિનું પરીક્ષણ – ૨૦૧૭માં થશે. હવે એકાદ વર્ષ છે બધાને સમાન તક છે. બધા નેગેટિવ રાજનીતિ મૂકીને સકારાત્મક અભિગમથી રમશે એ જીતશે. કેમ કે હવે પ્રજા આપણે માનીએ છીએ એટલી ભોળી નથી એ સંવેદનશીલ છે તો મતદાન વખતે વિચારશીલ પણ બની જાય છે. આ ૨૧મી સદી નારીશક્તિનો યુગ છે એ પણ આપણે ના ભૂલવું જોઇએ.

- 9426060601.india@gmail.com

# જીવસૃષ્ટિમાં ઘાસનું મહત્ત્વ




આપણે જેને 'ઘાસ' કહીએ છે જે સમાનાર્થી સાથે સાથે સમાન ઉચ્ચારણ થાય છે.

અશ્મિ (Fossils) અવશેષોને આધારે જાણી શકાયું છે કે આજથી ૧૩૦ મિલિયન વર્ષ પહેલાં આ પૃથ્વી પર ઘાસનો ઉદ્ભવ થયો હતો. આજે વિશ્વમાં ૭૭૧ જેટલી પ્રજાતિ અને ૧૨૦૦૦ જાતિઓ, ભારતમાં ૫૨૭ જેટલી પ્રજાતિ અને ૧૨૩૫ જાતિઓ તથા આપણા ગુજરાતમાં પ્રજાતિની ૨૪૧ જેટલી જાતિઓનું ઘાસ વૈવિધ્ય જોવા મળે છે. વિશ્વના વનસ્પતિ જગતમાં તેનું ૨૦% જેટલું પ્રમાણ છે.

એકદળી બીજમાંથી ઉત્પન્ન થતી સપુષ્પી વનસ્પતિનું વનસ્પતિ જગતમાં આ મોટામાં મોટું કુળ છે. વનસ્પતિ વર્ગીકરણ મુજબ તેનો 'ગ્રામીની' (Gramineae) કે 'પોએસી' (Poaceae) કુળમાં સમાવેશ થાય છે.

'ઘાસ'નો પર્યાય શબ્દ 'તૃષ્ણ' પણ છે. ઘાસભૂમિ કે તૃણભૂમિ જેને આપણે બીડ અથવા વીડીઓ પણ કહીએ છીએ. કચ્છ વિસ્તારમાં 'રખાલ' શબ્દથી પણ ઓળખાય છે. ભારતના પશ્ચિમ ભાગમાં આવેલ અર્ધશુષ્ક અને શૂષ્ક પ્રદેશોમાં ભાગમાં આવેલ અર્ધશુષ્ક અને શૂષ્ક પ્રદેશોમાં ઘાસભૂમિનું પ્રમાણ વધુ છે. ગુજરાત રાજયમાં ૨૯૦૦૦ ચોરસ કિ.મી.નો વિસ્તાર ઘાસભૂમિ હેઠળ છે. બન્નીનું ઘાસિયું મેદાન એશિયા ખંડનું સહુથી મોટું ઘાસિયું મેદાન છે. જે અંદાજે ૩૦૦૦ ચોરસ કિલોમીટર જેટલો વિસ્તાર ધરાવે છે.

વિષુવવૃત્ત લઈને ધ્રુવીય પ્રદેશો, દરિયાઈ સપાટીથી લઈને ઉચ્ચ પર્વતીય ક્ષેત્રો અને જલીયથી લઈને રણ પ્રદેશો સુધી ઘાસિયા વિસ્તારો ફેલાયેલા છે. આહાર સાંકળ કે જાળ, કે સંખ્યા, જૈવભાર અને ઉર્જા પારિસ્થિતિકીય પિરામિડોના પાયામાં કે પહેલાં પગથિયે પ્રાથમિક ઉત્પાદકો તરીકે વનસ્પતિમાં 'ઘાસ' ખુબ જ મહત્ત્વનું સ્થાન સંભાળે છે ઘાસ એક મુખ્ય ભજવે છે તેની ઉપર તૃણાહારીઓ અને માંસાહારીઓ સંપૂર્ણપણે આધારીત હોય છે.

ઘાસિયા ભૂમિ પર તૃણાહારીઓમાં વિવિધ પ્રકારના કીટકો ઉપરાંત ઉંદર, છછુંદર, જરબીલ, રણ સસલાં, શાહુડી, કાળિયાર, ચિંકારા, ચૌશીંગા, નીલ ગાય જેવા વિવિધ પ્રાણીઓ અને તેની ઉપર સિંહ, દીપડા, વરુ, રણ લોંકડી, શિયાળ, રણ બિલાડી, જંગલી બિલાડી, પટ્ટા ઈઓ, ગરુડ, બાજ જેવા શિકારી કે માંસાહારી પ્રાણીઓ નભે છે.




માનવોનો મુખ્ય વ્યવસાય કે આર્થિક ઉપાર્જન ખેતી અને પશુપાલન એ બે બાબતો પર નિર્ભર છે. માનવો ખેતી કરતાં હોય તેવા ૧૫ ખેતપાકો પૈકી ૧૦ પાકો ઘાસ છે. ઘઉં, ચોખા, મકાઈ, બાજરી, જવ, જવાર, જેવા ધાન્ય પાકો અને શેરડી ને આપણએ કેમ ભૂલી શકીએ. માનવોના ખોરાકનો ૬૦% ભાગ ઘાસમાંથી પેદા થતાં અનાજ કે ધાન્યો આધારીત છે. આપણને મળતાં ૭૫% કાર્બોહાઈડ્રેટસ્ તથા ૫૫% પ્રોટીન પણ અનાજ એટલે કે ઘાસમાંથી મળે છે. માનવો પશુપાલન થકી દૂધની પેદાશો મેળવે છે. તેવા પશુઓ ગૌચર જમીન કે ઘાસચારા આધારે જીવે છે. વાગોળનારા પ્રાણીઓમાંથી ખોરાકરુપે મળતું ૫૫% જેટલું માંસ, સુવરમાંથી મળતું અને મરઘા ઉછેરથી મળતું ૫૫% માંસ ઘાસ કે ધાન્ય ને ખોરાક તરીકે ઉપયોગમાં લેવાવાના કારણે મળે છે.

વિશ્વની અડધો અડધ ખાંડ શેરડીમાંથી મળે છે. શેરડીમાં ગેસ અને ઈંધણ પણ મેળવાય છે. બીયર, વ્હીસ્કી, જીન, વોડકા જેવા આલ્કોહોલિક પીણા પણ ઘાસની જ ઉપજ કહી શકાય. વાંસના અગણિત ઉપયોગથી આપણે સહુ વાકેફ છીએ. શેરડી તથા વાંસના પલ્પમાંથી કાપડ તથા કાગળ મળે છે. ચોક્કસ પ્રકારનું પ્લાસ્ટિક બનાવી શકાય છે. ઘાસને બગીચામાં લોનરુપે સુશોભન તરીકે કે પછી ક્રિકેટ, ગોલ્ફ અને ટેનિસ જેવી રમતોના મેદાન તરીકે આપણે ઉપયોગમાં લઈએ છીએ. તે કેમ ભૂલી શકાય ?

માનવો ઘાસ ખાઈને, ઘાસ પીને, ઘાસ પહેરીને, ઘાસના આવાસોમાં રહીને જીવન જીવે છે તેમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય.

# શાંતિપૂર્ણ છતાં સચોટ 'વિરોધ' કરતાં કયારે શીખીશું ???

જાન્યુઆરીથી જુનના ૬ મહિનામાં જ મણીપુર કુલ્લે ૫૫ દિવસ જુદા જુદા વિરોધ પ્રદર્શનો અને એલાનોને લીધે બંધ રહ્યું, મતલબ કે ૬ મહિનામાં ઓલ મોસ્ટ બે મહિના બંધ...!!! આને હિસાબે રાજ્યને થયેલું નુકશાન હતું ૩૬ કરોડ રૂપિયા પર ડે... ૩૬ ગુણ્યા ૫૫ કરી લેજો..!! દલિતો પર ઉનામાં થયેલા નિંદનીય અને અધમ કૃત્યના વિરોધમાં બુધવારે અપાયેલા બંધ દરમ્યાન અને એ પહેલા ફક્ત એકલી ગુજરાત એસ.ટી.ને માલ-મિલકત સહીત અંદાજે ૪૩ લાખનું નુકશાન થયું...બાકી મિલકતોને નુકશાન થયું હોય એ જુદું !!! પાટીદાર અનામત આંદોલન વખતે સરકારી માલ-મિલકતોને પહોચાડાયેલા નુકશાનનો આંકડો કરોડોમાં હતો...!!! તો એ જ રીતે જાટ આંદોલન વખતે રેલ્વેને થયેલા નુકશાનનો આંકડો કરોડોમાં હતો અને એ સિવાય રસ્તા અને બીજી સરકારી માલ-મિલકતોને થયેલું નુકશાન અલગથી...!!! આ બધા અને આના જેવા બીજા બંધ અને વિરોધ પ્રદર્શનોના એલાનને પગલે થયેલા સ્થાવર મિલકતને નુકશાન ઉપરાંત પાટીદાર – જાટ કે દલિત આંદોલન અને બીજા આંદોલનોમાં જીવ ગુમાવનારા સામાન્ય નાગરીકો – વિરોધકર્તાઓ અને સુરક્ષાકર્મીઓની જિંદગીની કીમત જો આમાં ઉમેરીએ તો આંકડો અબજોમાં પહોચી જાય...!!!

ભારત એ દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે અને ભારતનું બંધારણ ભારતના દરેક નાગરિકને વિરોધ કરવાનો સમાન અધિકાર આપે છે પણ વિરોધ કરવો અને બંધના નામે બધું ઠપ્પ કરવું કે અરાજકતા ફેલાવવી એવું તો આપણા બંધારણમાં પણ નથી લખ્યું..!!! આ લખનારને તો એ જ નથી સમજાતું કે કોઈ ચીજનો વિરોધ કરવા માટે ધંધા-રોજગાર-સ્કૂલો કે ઓફિસો બંધ રખાવવાથી શું ફાયદો ? કેમકે ટેકનિકલી તો તમે કોઈ સરકાર, નેતા કે સીસ્ટમનો વિરોધ કરી રહ્યા છો નહિ કે તમારી ગલીને નાકે ઉભા રહીને રોજે રોજનું કમાઈને કુટુંબ ચલાવતા કોઈ લારી – ગલ્લા કે રીક્ષાવાળાનો...??? અને આમેય છાસવારે અને વાર-તહેવારે અપાતા બંધ કે વિરોધ પ્રદર્શનોના એલાનો હવે આપણે ત્યાં એટલા આમ થતા જાય છે કે એમાં સ્વયંભુ જોડાતા લોકોની સંખ્યા આંગળીને વેઢે ગણી શકાય એટલી જ ન, મોટાભાગે લોકો એટલા માટે બંધ પાળતા હોય છે કે કોઈને ઘર્ષણમાં ઉતરવું નથી હોતું કે આંખે નથી ચડવું હોતું અને એનું કારણ છે કે મોટાભાગના બંધના એલાન કોઈને કોઈ રાજકીય પક્ષો દ્વારા અપાતા અને પછી એને પરાણે સફળ બનાવાતા હોય છે.

આપણા દેશમાં 'બંધ'ના સશક્ત શસ્ત્રને આપણા રાજકારણીઓએ હંમેશાં રાજકીય દાવપેચ માટે જ વાપર્યું છે અને એટલે જ આ શસ્ત્ર હવે બુઠ્ઠુ થઈ ગયું છે જ્યાં સુધી લોકો સ્વેચ્છાએ ન જોડાય ત્યાં સુધી આવા 'બંધ'નો કોઈ અર્થ સરતો નથી. મોટાભાગના બંધો તો ઠોકી બેસાડેલા જ હોય છે, ખરેખર બંધ બાબતે જનતાને તો કોઈ પૂછતું જ નથી હોતું. જો કોઈ બંધનું એલાન આપનાર એમ જાહેરાત કરે કે 'આવતીકાલે બંધ છે પણ તમારે પાળવું હોય તો જ પાળજો' તો કેટલા લોકો બંધ પાળશે? કેમકે હકીકતે આવા બંધથી લોકોના ભાગે તો ભોગવવાનું જ આવે છે! અને લોકો સ્વેચ્છાએ કેવી રીતે જોડાય? ધંધા-ધાપા કે રોજે રોજનું કમાઈને ખાતા લોકો માટે તો એક દિવસ ધંધો બંધ રાખવો એ પણ કાળ જેવો લાગે. સરવાળે હાથ જોડીને વિનંતી કરતા પ્રદર્શનકારીઓ જ્યારે એ જ હાથથી પત્થરને દુકાન કે રીક્ષા કે લારી તરફ ફેંકે એટલે નાછૂટકે આવા લોકોને બંધ પાળવો પડે... કરે પણ શું? ટોળાને થોડી અક્કલ હોય? એસ.ટી.ના રૂટ કેન્સલ થવાથી ઘણા વિદ્યાર્થીઓ શાળાએ જઈ નથી શકતા કે વાહનવ્યવહાર બંધ હોવાથી બિમારો દવાખાને નથી પહોચી શકતા કે દવાની દુકાનો બંધ હોવાથી ઘણાની જિંદગી પણ ઓલવાઈ જતી હોય કે દૂધ – શાકભાજી જેવી જીવન જરૂરિયાતની ચીજો ના મળવાથી તકલીફો પડતી હોય છે !!! જો કે બંધના એલાન આપનારની ભાવના તો વિરોધ વ્યક્ત કરવાની જ હોય છે પણ લગભગ દરેક બંધમાં અંતે તો દોર તોફાની તત્વોના હાથમાં જ જતો રહે છે અને સરવાળે એક સાચો અને સારો વિરોધ અરાજકતામાં ફેરવાઈ જાય છે...!!!

કોઈ જઘન્ય કે અમાનવીય ઘટના બની ગઈ હોય એનો આક્રોશ, પ્રત્યાઘાત અને ગુસ્સો હોય એ સ્વાભાવિક છે અને એનો વિરોધ કરવો એકદમ યોગ્ય જ છે, પણ એના માટે રસ્તા રોકવા – બસો સળગાવવી કે પછી દુકાનો બંધ રખાવવાનો શું ફાયદ? શું આ બધું બંધ રહે અથવા તો બધ રાખે તો જ એમ સમજવું કે એમને તમારી સાથે સહાનુભુતિ કે ટેકો છે? ના રે એવું હરગીજ નથી હોતું. ભારત બંધ...ગુજરાત બંધ... ઝારખંડ બંધ...મહારાષ્ટ્ર બંધ... અરે ઈવન રાજકોટ, અમદાવાદ, ભાવનગર કે સુરત બંધ.....!! અરે ભાય ૯/૧૧ પછી 'આવતીકાલે અમેરિકા બંધ' ...કે નીસના આતંકવાદી હુમલા પછી કોઈ એ 'ફ્રાંસ બંધનું એલાન' કે પછી 'આ રવિવારે ઓસ્ટ્રેલીયા બંધનું એલાન 'એવું ક્યારેય વાંચ્યું? નહિ ને? કેમ? કારણકે આ બધા જ સમજે છે કે આવા બંધો અને એલાનોથી નુકશાન આમ જનતાનું જ થતું હોય છે નહિ કે બીજા કોઈનું. વિરોધપ્રદર્શનો કે બંધના એલાનો વખતે સરકારી મિલકતોમાં થતી તોડફોડની ચુકવણી આમ જનતાના ટેક્ષના પૈસામાંથી જ થવાની.




સરકારી મિલકત એ અંતે તો આપણી જ મિલકત છે એટલું સમજતા હજુ ઘણી વાર લાગશે, તોફાનોમાં ગામના પાદરે સળગાવી દીધેલી એસ.ટી. બસ શાંતિ સ્થપાયા પછી એક મહિના સુધી ફરી ચાલુ ના થાય એને હિસાબે આપણા સંતાનો નજીકના શહેરમાં સ્કુલે જઈ ના શકે ત્યારે સમજાય કે આપણે શું ખોટું કર્યુ ? આપણા પત્થર કે લાકડીથી કોઈ નિર્દોષનો જીવ ચાલ્યો ગયો હોય એવા જ પત્થર કે લાકડી કે ગોળીથી આપણું કોઈ અંગત જાન ગુમાવે ત્યારે સમજાય...!! દુકાનો બંધ કરાવતી વખતે બજારમાં લારી પર ચિંતાગ્રસ્ત ચહેરે બેઠેલા કે તમારી ગલીના નાકે બંધ ક્યારે બંધ થાય એની ચિંતા કરતા ઓટોવાળાને પૂછી જોજો કે તુ બંધની સાથે છો ખરો ? બીજા શહેરથી આવેલો અને શહેરની પરીસ્થીતીથી અજાણ કોઈ નાગરિક અર્ધી રાત્રે તોફાનીઓની હિંસાનો ભોગ બને એનાથી આપણી કઈ માંગણી ઉકેલાઈ જવાની ? કે મહામુસીબતે અને આપણી જ સગવડતા માટે બનાવાયેલી કોઈ સરકારી કચેરી કે બસ કે રેલ્વેને નુકશાન પહોચાડવાથી કયો નેતા કે સરકાર દોડતી આવીને આપણો પ્રશ્ન હલ કરવા માંડવાની? સરવાળે તો એ ગુમાવેલી વ્યક્તિ, તૂટેલી બસો કે સળગાવાયેલી સરકારી કચેરી વગર આપણે જ કામ ચલાવવું પડશે ને...!!!

વાત અહી ફક્ત તાજેતરના દલિત વિરોધ પ્રદર્શનો કે ભૂતકાળના પાટીદાર આંદોલન કે એના જેવા બીજા બંધોની નથી થતી પણ આ સળગતો સવાલ દરેક કોમ-જ્ઞાતિ -સંગઠનો કે રાજકીય પક્ષો દ્વારા અપાતા દરેક પ્રકારના બંધના એલાનોને લાગુ પડે છે. કોઈ પણ પક્ષ, જ્ઞાતિ કે સંગઠન દ્વારા અપાતા બંધ કે વિરોધ પ્રદર્શનના એલાન પહેલા એ વિચારવું રહ્યું કે આનાથી પ્રશ્નનો હલ આવશે? અને બીજું કે આવા એલાનો આપવા જરૂરી જ હોય તો આ એલાન આપનાર પક્ષ, જ્ઞાતિ કે સંગઠનોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે એમના આ બંધ કે વિરોધ પ્રદર્શનોના એલાનને લીધે આમ નાગરિકને મુશ્કેલી ના પડે..!!! આગળ કહ્યું એમ લોકશાહી દેશ છે અને વિરોધ કરવાનો સમ્પૂર્ણ અને અબાધિત અધિકાર છે પણ તોડફોડ, અરાજકતા, મિલકતોને નુકશાન કે ધંધા-રોજગાર બધ કરાવીને આર્થિક નુકશાનીનો આ સદીઓ જુનો કોન્સેપ્ટ હવે બદલવાનો સમય આવી ગયો છે. સરકાર કે સીસ્ટમ સામે વિરોધ હોય તો આવા બંધના ફતવા કર્યા વગર મંત્રીઓ-ઓફિસરો કે અમલદારોને જ ઘેરાવ કરવો એ સચોટ રસ્તો છે. અંતે તો તમારી સમસ્યાનો હલ ત્યાંથી જ નીકળવાનો...!! અને એવું પણ નાં કરવું હોય તો જેની સામે વિરોધ છે એ સંસ્થા, સીસ્ટમ, આભાર - નિહારીકા રવિયા સરકાર કે વ્યક્તિની સાથે ફેસ-ટુ-ફેસ વાતચીત કરીને પણ હલ કાઢી શકાય. જેની સામે વિરોધ હોય તેનો સામુહિક બહિષ્કાર કરવો એ પણ અમોધ શસ્ત્ર છે જ. રાજકારણીઓને તો શું છે એ તો દરેક પરીશ્થીતીમાં પોતાનો લાભ જોઈ શકવા અને ઉઠાવી શકવા સમર્થ હોય છે જરૂર તો છે આપણે બધાએ સમજવાની અને આપણા વિરોધ/ગુસ્સા કે વ્યથાને વધુ અસરદાર પણ શાંતિપૂર્ણ અને અહિંસક રીતે વ્યક્ત કરવાની...!!!

- akurjt@gmail.com